# ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૩૩(૧)(બી) અન્વયે જાહેરનામુ

**ક્રમાંકઃએમએજી/પીઓએલ/વશી/**
**જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,**
**ભરૂચ. તારીખ–૦૨/૦૬/૨૦૧૬.**

ભરૂચ મુકામે નર્મદા નદી ઉપર આવેલ જુના સરદાર બ્રિજની કમાનો ખરાબ થતા તેનું રીપેરીંગ કામ ચાલુ છે. જેના કારણે ભરૂચ ગોલ્ડન બ્રિજ પરથી હળવા વાહનો કે જે વડોદરાથી સુરત તરફ અને સુરત તરફથી વડોદરા તરફ પસાર થાય છે. જેમાં ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે. જેની સીધી અસર ભરૂચનાં આંતરિક વાહન વ્યવહારને પણ થાય છે. જેથી સદર ટ્રાફીકને હળવો કરવા માટે હંગામી ધોરણે વડોદરા તરફથી આવતા સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું **બી.જી.પ્રજાપતિ (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ** સને–૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂ એ નીચે મુજબ આદેશ કરું છું કે, તારીખ–૦૩/૦૬/૨૦૧૬ થી તારીખ–૦૧/૦૭/૨૦૧૬ દરમ્યાન ૧૭:૦૦ કલાકથી ૨૦:૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે ભરૂચ તરફથી અંકલેશ્વર તરફ જતા ફોર વ્હિલ વાહનો ( એલ.એમ.વી. એમ્બ્યુલન્સ / સરકારી વાહનો સિવાય ) ને ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) વડોદરા તરફથી અંકલેશ્વર / સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો નર્મદા ચોકડીથી ઝાડેશ્વર ચોકડી થઈને જુના સરદાર બ્રિજ ઉપરથી અંકલેશ્વર / સુરત તરફ જઈ શકશે.

(૨) ભરૂચ શહેરમાંથી અંકલેશ્વર / સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ઝાડેશ્વર ચોકડીથી જુના સરદાર બ્રિજ થઈને અંકલેશ્વર / સુરત તરફ જઈ શકશે.

આ જાહેરનામાનાં કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ– ૧૯૫૧ની કલમ–૧૩૧(૩) મુજબ રૂા. ૨૦૦/– સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

**( બી.જી.પ્રજાપતિ )**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**
**ભરૂચ**

નકલ જય ભારત સહ રવાના
– પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ તરફ.
૨/–જાણ તથા અમલ થવા સારું.
– સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ / અંકલેશ્વર તરફ
– નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ / અંકલેશ્વર તરફ.
– મામલતદારશ્રી, ભરૂચ / અંકલેશ્વર / હાંસોટ તરફ.
– કાર્યપાલક ઈજનેરશ્રી, મા.×મ. વિભાગ, ભરૂચ
– કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ, ભરૂચ

Akhil Gujarat Truck Transport Association
28-6-16

– નાયબ માહિતી નિયામકશ્રી ભરૂચ, તરફ.

૨/– આ કામે સ્થાનિક ટીવી ચેનલ મારફત તથા દૈનિક વર્તમાનપત્રો મારફત પ્રસિધ્ધિ કરાવવા તથા તે અંગેના પુરાવાઓ વિના વિલંબે અત્રે મોકલવા સારૂ.

– મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા તરફ.

૨/– આ કામે સરકારી ગેઝેટ પ્રસિધ્ધ કરી તેની પાંચ પ્રતો અત્રે મોકલી આપવા વિનંતી છે.

– સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ભરૂચ તરફ.

– જિલ્લા ટ્રાફીક પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, ભરૂચ તરફ.

૨/– જાણ તથા ટ્રાફિક નિયમનની વ્યવસ્થા કરવા માટે અમલ સારૂં.